# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૫/૦૨/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૩૦૨/૨૦૨૫**

**નરોડાઃ** દિપેશભાઇ ઇચ્છાશંકર રાવલ (ઉ.વ.૫૫) (રહે. હંસપુરા રેસીડેન્સી હંસપુરા બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ પાછળ દહેગામ રોડ નરોડા) એ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દિપેશભાઇ રાવલ કઠવાડા ખાતે કંપની ધરાવી ચાઇના અને જર્મનીથી ફાઉન્ડી મટીરીયલ કેમીકલ ઈન્પોર્ટ કરી ભારતમાં અલગ-અલગ કંપનીમાં સપ્લાય કરવાનો ધંધો કરતા હોય તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ મોબાઈલ નંબર ૯૮૯૮૦૫૪૦૫૧ ના ધારકે દિપેશભાઈને ફોન કરી પટનાથી શીવરાજ શાગી ઉર્ફે સુલ્તાન ઉર્ફે મુન્ના વાત કરતા હોવાની ઓળખ આપી દિપેશભાઈ ધંધો કરતા હતા તે મટીરીયલની જરૂરીયાત જણાવેલ અને તેઓ રેફકાસ્ટ કોર્પોરેશન નામની કંપની ધરાવતા હોવાનું જણાવેલ તેમજ તા.૧૫,૧૬/૦૨/૨૦૨૫ના કંપનીની કોન્ફરેન્શ મીટીંગ પટના ખાતે રાખેલ છે તેમ જણાવી મીટીંગનું આમંત્રણ આપેલ તેમજ મેલ આઈ.ડી gm.shivraj@ coalindia.net ઉપર અલગ-અલગ ડોક્યુમેન્ટ મંગાવતા દિપેશભાઈ રાવલને તેઓના મેલ આઈ.ડી.ઉપર મોકલી આપેલ તેમજ રહેવા-જમવાની સુવિધા કરી આપવાનું જણાવતા દિપેશભાઈ રાવલ તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ અમદાવાદ એરપોર્ટથી વિમાનમાં બેસી પટના એરપોર્ટ ગયા હતા ત્યારે શીવરાજ શાગી ઉર્ફે સુલ્તાન ઉર્ફે મુન્ના એ તેઓની ગાડીમાં બેસાડી અવાવરુ જગ્યાએ ખેતરમાં લઈ જઈ અન્ય પાંચ પુરૂષો ત્યાં હાજર હતા તેમને સોપી ગાડી પાર્ક કરી આવું તેમ કહી જતો રહેલ અને પાંચ પુરૂષોએ દિપેશભાઈ રાવલને ખેતરમાં કાચા મકાનમાં ગોંધી રાખી હથીયાર બતાવી માર મારી, સોનાની વીંટી કિમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨૫,૦૦૦/-કાઢી લઈ અલગ-અલગ ક્રેડીટ કાર્ડ દ્વારા તેમજ પુત્રના ખાતામાંથી મળી કુલ રૂપિયા ૬૧,૮૭,૦૦૦/- ટ્રાન્સફર કરાવી છેતરપીંડી કરી શીવરાજ શાગી ઉર્ફે સુલ્તાન ઉર્ફે મુન્ના અને જીતેન્દ્ર ઉર્ફે જોગેન્દ્ર તેઓની કારમાં પટના એરપોર્ટ ઉપર ઉતારી ધમકી આપી જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**નારોલઃ** અલ્કેશભાઇ લાલજીભાઇ ભટ્ટી (ઉ.વ.૫૩) (રહે. સંકેત ટેનામેન્ટ હરીદર્શન સોસાયટી સામે મોની હોટલના ખાચામાં નારોલ) એ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અલ્કેશભાઈ ભટ્ટી નાઓ દરજીકામ કરતા હોય તા.૧૨/૦૧/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૮૧૩૪૯૪૬૫૧૦ ના ધારકે ફોન કરી એન.સી.સી.ગૃપ હેડ ક્વાર્ટર્સ એલીસબ્રીજ ખાતે આર્મીમાંથી સતીષ વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે લેડીસ ડ્રેસ નંગ-૫૦ બનાવવાના છે અને એક ડ્રેસની કિંમત કેટલી છે તેવુ જણાવતા અલ્કેશભાઈ ભટ્ટીએ એક ડ્રેસના રૂપિયા ૪૦૦/- લેખે ભાવ જણાવેલ ત્યારબાદ તેઓએ એન.સી.સી.ગૃપ હેડ ક્વોટર્સ એલીસબ્રીજ ખાતે આવવા માટે ગેટ પાસ બનાવવો પડશે તેમ જણાવી ગેટ પાસ બનાવવા માટે અલ્કેશભાઈ ભટ્ટીનું આધારકાર્ડ માંગતા આધારકાર્ડ મોકલી આપેલ તેમજ ઘરના સભ્યનો મોબાઈલ નંબર માંગતા અલ્કેશભાઈ ભટ્ટીએ તેમના પત્નીનો મોબાઈલ નંબર આપેલ ત્યારબાદ અવારા-નવાર વિડીયો કોલ કરી પેમેન્ટ કરાવાનું જણાવી અલ્કેશભાઈ ભટ્ટી તથા તેમના પત્નીના મોબાઈલ ફોનમાં ગુગલ પે એપ્લિકેશન ખોલાવી ઓટીપી નંબર મેળવી લઈ બન્નેના ખાતામાંથી મળી કુલ રૂપિયા ૧,૯૮,૯૯૯/- ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૩૦૩/૨૦૨૫**

**દરીયાપુરઃ** તા.૨૪/૦૨/૨૦૨૫ કલાક ૭/૧૦ પહેલા દરીયાપુર જોર્ડન રોડ રેહાન નામની દુકાનની જમણી બાજુની દુકાનની ફુટપાથ ઉપર ત્યજી દીધેલ નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા દરીયાપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૦૪/૨૦૨૫**

**નારોલઃ** સુંદરનગર જીંદાલ કંપની પાસે ગ્યાસપુર તા.દસક્રોઇ અમદાવાદ ખાતે મામાના ઘરે રહેતી નવ વર્ષની બાળકી તા.૨૩/૦૨/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે મામાના ઘરે બાથરૂમમાંથી બહાર નીકળતા પગ લપસી જતા તેના ઉપર ગીઝરના વાયર ઉપર પડતા વાયર ખેચાઇ જતા ઈલેક્ટ્રીક બોર્ડ ઉખડી જતા તેના ઉપર પડતા વિજ કરંટ લાગતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.લેઉવા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૦૫/૨૦૨૫**

**નરોડાઃ** નરોડા હંસપુરા સ્વાગતમ એલેન્જા સાઈટ ખાતે મજુરી કામ કરતા સતવંતસિંહ રામનાથ ગોંડ (ઉ.વ.૩૪) (મુળા વતન.ગામ-પકરી પો.સ્ટ.પકરી થાના-વિન્ઢમગંજ તા.દુધી જી.સોનભદ્ર ઉત્તરપ્રદેશ) તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ બપોરના આશરે સવા ત્રણ વાગ્યાના સુમારે સાઈટ ખાતે મજુરી કામ કરતા હતા ત્યારે ઉપરથી વાંસ (ટેકો) સતવંતસિંહ ગોંડના માથા ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૨/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ ભીખુસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૦૬/૨૦૨૫**

**બાપુનગરઃ** યશવંત સ/ઓ મોહનભાઈ અલહટે (ઉ.વ.૩૯) (રહે. હરદાસનગરની ચાલી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની સીડી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણભાઇ માવાભાઇ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** રમેશભાઈ ઉર્ફે નરેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૦) (રહે. મ.નં.ક્યુ/૦૦૩ ગ્રાઉન્ડ ફ્લોર જોગમાયાનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર જીવણભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી